અમેલિયાનો રસ્તો


લિન્ડા અલ્ટમેન



અમેલિયાનો રસ્તો




લિન્ડા અલ્ટમેન



અમેલિયા માર્ટિનેઝને સડકોથી નફરત હતી. સીધી સડકો, વળાંકવાળા રસ્તા, ગંદા રસ્તા, પાકી સડકો, બધા પ્રકારની અજબ જગ્યાએ લઈ જતી સડકો, અને થોડી સડકો જે ક્યાંય લઈ જતી ન હતી. અમેલિયાને સડકોથી એટલી નફરત હતી કે દરેક વખતે જયારે એના પિતા કોઈ રસ્તાનો નકશો કાઢતા હતા, તો એ રડવા લાગતી હતી.

જે સડકોને અમેલિયા જાણતી હતી, એ સીધી ખેતરમાં જતી હતી, જ્યાં ખેડૂતો તડકામાં કાળી મજૂરી કરતા હતા અને ગંદી, તૂટેલી ઝૂંપડીઓમાં રહેતા હતા. "લોસ કેમિનોસ", રસ્તા, લાંબા અને ઉદાસ હતા. એ ક્યારેય ત્યાં લઈ જતા ન હતા જ્યાં તમે જવા ચાહતા હોય.



અમેલિયા કોઈ એવી જગ્યાએ જવા ચાહતી હતી જ્યાં લોકોને આટલી મહેનત ન કરવી પડે, અથવા અહીં-તહીં બહુ ફરવું ન પડે, અથવા મજૂરોની વસ્તીમાં રહેવું ન પડે.

એ ચાહતી હતી કે એનું ઘર સફેદ અને સુઘડ હોય, જેની બારીમાં વાદળી કમાડ (શટર) હોય, અને બગીચામાં એક જૂનું છાંયડો આપતું વૃક્ષ હોય. પછી એ ત્યાં હંમેશ માટે રહેશે અને "લોસ કેમિનોસ" વિષે ક્યારેય વિચારશે નહીં.


લગભગ અંધારું થઈ ગયું હતું જયારે એની કાટ ખાઈ ગયેલી જૂની ગાડી મજૂરોની વસ્તીમાં બાર નંબરની કેબીન પાસે ઉભી રહી.


"શું આ એ જ કેબીન છે જ્યાં આપણે ગયે વર્ષે રહ્યા હતા?" અમેલિયાએ પૂછ્યું, પણ કોઈને એ યાદ ન હતું. પરિવારના બીજા લોકોને એ વાતથી કોઈ ફરક પણ પડતો ન હતો.

અમેલિયા માટે એ બહુ મહત્વનું હતું. એક વરસથી બીજા વર્ષે, અમેલિયા પાસે એ બતાવવા માટે એવું કંઈ ન હતું કે એ ક્યાં રહેતી હતી, એ શહેરની કઈ સ્કૂલમાં જતી હતી, અને ત્યાં કોના ખેતરમાં કામ કરતી હતી. અમેલિયા બસ એક જગ્યાએ વસવાટ કરવા ચાહતી હતી, એ એક સ્થાનની બનવા ચાહતી હતી.

"કદાચ કોઈ દિવસ," એની માઁ એ કહ્યું, પણ એ અદ્ભૂત દિવસ ક્યારેય આવતો હોય એવું લાગતું ન હતું.








"માઁ," અમેલિયાએ પૂછ્યું, "હું ક્યાં જન્મી હતી?"

મિસિસ માર્ટિનેઝ એક પળ માટે થોભ્યા અને સ્મિત કર્યું. "ક્યાં? મને યાદ કરવા દે. કદાચ યુબા શહેરમાં. કારણકે મને યાદ છે કે એ સમયે આપણે આલૂ (પીચ) તોડી રહ્યા હતા."

"સાવ સાચું! આપણે આલૂ તોડી રહ્યા હતા," મિસ્ટર માર્ટિનેઝે કહ્યું. "એનો અર્થ છે કે તું જૂન મહિનામાં જન્મી હતી."

અમેલિયાએ ઊંડો નિસાસો નાખ્યો. અન્ય પિતાઓને એની બેટીનો જન્મ દિવસ અને તારીખ યાદ રહેતા હતા. પણ એના માતા-પિતાને ફક્ત ફસલ યાદ હતી. મિસ્ટર માર્ટિનેઝના જીવનના બધા મહત્વના અવસરો, લણણીના લય સાથે જોડાયેલા હતા.





બીજે દિવસે, બધા ભોર થતા ઉઠયા. સવારે પાંચ થી આઠ વાગ્યા સુધી અમેલિયા અને એના પરિવારે સફરજન તોડયા. એને હજી પણ ઊંઘ આવી રહી હતી, એટલે અમેલિયાને વધારે સાવધાનીપૂર્વક કામ કરવું પડયું જેનાથી ફળને કોઈ નુકસાન ન થાય.

કામ પૂરું કર્યા પછી અમેલિયાના હાથમાં ખંજવાળ આવી અને એના ખભા દુઃખવા લાગ્યા. એણે એક સફરજન લીધું અને જલ્દીથી સ્કૂલ જવા નીકળી ગઈ.

ગયા વર્ષે, અમેલિયાએ ફિલમોર એલિમેન્ટ્રી સ્કૂલમાં છ અઠવાડિયા વિતાવ્યા હતા. પણ ત્યાંની ટીચરે એનું નામ પણ પૂછ્યું ન હતું.


પણ આ વર્ષે ટીચરે એનું નામ પૂછ્યું. ટીચરે એની કક્ષાના બધા બાળકોનું સ્વાગત કર્યું અને એને પહેરવા માટે નામના બિલ્લા આપ્યા. ટીચરે પોતે એક નામનો બિલ્લો પહેર્યો હતો. એના પર લખ્યું હતું મિસિસ રામોસ.

પછી, મિસિસ રામોસે કક્ષાના બાળકોને એની સૌથી પ્રિય ઈચ્છા વિષે એક ચિત્ર બનાવવાનું કહ્યું. "જે તમારા માટે બહુ વિશેષ હોય ને જે તમારું મંતવ્ય વ્યક્ત કરતું હોય."


અમેલિયાને સારી રીતે ખબર હતી કે એ શું બનાવશે. એણે એક સુંદર સફેદ ઘર બનાવ્યું જેની સામેના બગીચામાં એક મોટું છાંયડો આપતું વૃક્ષ હતું. જયારે અમેલિયાએ એનું ચિત્ર પૂરું કર્યું ત્યારે મિસિસ રામોસે એનું ચિત્ર આખી કક્ષાને દેખાડયું. પછી મિસિસ રામોસે એ ચિત્ર ઉપર એક ચમકદાર લાલ તારો ચોંટાડી દીધો.

દિવસ પૂરો થતાં સુધીમાં, કક્ષાના બધા બાળકોને અમેલિયાનું નામ યાદ રહી ગયું હતું. અંતે, આ એ જગ્યા હતી, જ્યાં અમેલિયા રહેવા ચાહતી હતી.





અમેલિયા એની માઁ ને આ અદ્‌ભૂત દિવસ બાબત બતાવવા માટે બહુ અધીરી હતી. અમેલિયા અંદરથી બહુ ખુશીનો અનુભવ કરી રહી હતી. એટલે એણે મજૂરની વસાહત પાછા ફરવા માટે એક ટૂંકો રસ્તો શોધવાનો ફેંસલો કર્યો. એને અચાનક એક નવો રસ્તો મળી ગયો.




અમેલિયાનો નવો રસ્તો સાંકડો અને પથ્થરીયાળ હતો, એ એક ફૂટપાથની જેમ અચાનક બની ગયો હતો, જયારે રસ્તાને જાણી જોઈને બનાવવામાં આવે છે.

એ પગદંડીથી ઘાસના મેદાનમાં, ઝાડીઓમાં થઈને, એક નાની ટેકરીની નીચે ઉતરી. જ્યાં એ આકસ્મિક માર્ગ પૂરો થયો, ત્યાં એક સૌથી ચમત્કારિક ઝાડ હતું. એ ઝાડ ઘણું જૂનું અને ઘણું મજબૂત હતું અને એ કેટલું જૂનું હતું એ કળવું ઘણું મુશ્કેલ હતું. એ સૌથી સ્થાયી વસ્તુ હતી જે અમેલિયાએ ક્યારેય જોઇ હતી. જયારે એણે એની આંખો બંધ કરી, તો એ એ ઝાડની સામે એના સુઘડ સફેદ ઘરની કલ્પના પણ કરી શકતી હતી.

અમેલિયા ખુશીથી નાચી ઉઠી અને એના કાળા વાળ ઉડવા લાગ્યા અને એ ઘાસના લીલા મેદાનમાં કુદરડી ફરવા લાગી.








એ પછી લગભગ રોજ કામ અને સ્કૂલ પૂરા થયા પછી અમેલિયા એ ઝાડની નીચે આવીને બેસતી અને નાટક કરતી જાણે એ એના ઘરે પહોંચી ગઇ હોય.

દુનિયામાં કોઈ અન્ય જગ્યાથી વધારે, એ આ જગ્યાની થવા ચાહતી હતી, અને એ ચાહતી હતી કે એ જગ્યા એની થઇ જાય.



પણ લણણીનું કામ લગભગ પૂરું થઈ ગયું હતું, અને અમેલિયાને ખબર ન હતી કે એ સ્થાન છોડતી વખતે એ શું કરશે. એણે બધા પાસે સલાહ માંગી - એની બહેન રોઝા પાસે, અને એના માઁ-બાપ પાસે.


એણે એના ભાઈ હેકટર, શિબિરમાં એના પાડોશીઓ, અને સ્કૂલમાં મિસિસ રામોસ પાસે પણ સલાહ માંગી. પણ કોઈ પણ એને જણાવી ન શક્યું કે એણે શું કરવું જોઈએ. જયારે એને ઉત્તર મળ્યો ત્યારે એ પણ પગદંડીની જેમ આકસ્મિક હતો.


અમેલિયાને એક જૂનો ટીનનો ડબ્બો મળ્યો જે કોઇએ કચરામાં ફેંકી દીધો હતો. ડબ્બામાં ગોબા પડી ગયા હતા અને કાટ લાગેલો હતો. પણ અમેલિયાએ એની કોઈ પરવા ન કરી. એ ડબ્બો એની સમસ્યાનો ઉકેલ હતો.

અમેલિયાએ તરત એનું કામ શરુ કર્યું. એણે ડબ્બાને એની પ્રિય વસ્તુઓથી ભર્યો. સૌથી પહેલા એણે નાતાલમાં માઁ એ બનાવેલી માથાની રિબન ડબ્બામાં રાખી; એ પછી એણે નામનો બિલ્લો જે મિસિસ રામોસે એને આપ્યો હતો; અને અંતે એણે કક્ષામાં બનાવેલું એ ચિત્ર રાખ્યું જેમાં શિક્ષિકાએ ચમકીલો લાલ તારો ચોંટાડયો હતો.

સૌથી છેલ્લે, એણે કાગળની એક શીટ કાઢી અને એમાં એ પગદંડીથી લઇને એ ઘણા જૂના ઝાડ સુધીનો એક નકશો બનાવ્યો. એના સૌથી સુંદર અક્ષરોમાં એણે એ પથને "અમેલિયા રોડ" નું નામ આપ્યું. પછી એણે એ નકશાની ગડી વાળીને એને ડબ્બામાં મૂકી દીધો.







અંતે સફરજન ભેગા કરવાનું કામ પૂરું થયું. અમેલિયાનો પરિવાર અને અન્ય મજૂરો ફરી જવાની તૈયારી કરવા લાગ્યા. અમેલિયાએ ફરી એક વાર એના ખજાના ના ડબ્બા સાથે એની પ્રિય પગદંડીની યાત્રા કરી.

એણે એ જૂના ઝાડ પાસે એક ખાડો ખોદ્યો, અને ધીરેથી ડબ્બાને ખાડાની અંદર મુક્યો, અને એને માટીથી ઢાંકી દીધો. પછી એણે એની ઉપર એક મોટો પથ્થર મુક્યો જેનાથી તાજી ખોદેલી માટી પર કોઈનું ધ્યાન ન જાય.


એનું કામ પૂરું કર્યા પછી અમેલિયાએ એક ડગલું પાછળ જઈને ઝાડને જોયું. અંતે, આ એ જગ્યા હતી જે એને પસંદ હતી અને જેને એ પોતાની કહી શકતી હતી. આ એક એવી જગ્યા હતી જ્યાં એ પાછી આવી શકતી હતી.



"હું ચોક્કસ પાછી આવીશ," એણે ગણગણાટ કર્યો, અને પછી એ ત્યાંથી જતી રહી.

અમેલિયા ઘાસના મેદાનમાં કૂદતી આગળ વધી. એ આકાશને જોઇને હસી, ત્યાં સુધી કે એણે એની પ્રિય પગદંડી પર ગુલાંટ પણ ખાધી.





જયારે એ પાછી કેમ્પ પર પહોંચી, તો પરિવારના બાકી લોકો ગાડીમાં સામાન લાદી રહ્યા હતા. અમેલિયાએ એને એક પળ માટે જોયા, પછી એણે એક ઊંડો શ્વાસ લીધો, અને એની મદદ કરવા આગળ વધી.

જીવનમાં પહેલી વાર, પિતાજીએ જયારે રસ્તાનો નકશો કાઢ્યો, તો એ રડી નહીં.

લેખકની નોંધ

અમેલિયા માર્ટિનેઝ અને એના પરિવાર જેવા લાખો લોકોને ઘણી વાર પ્રવાસી ખેત મજૂર તરીકે જાણવામાં આવે છે. એને સાધારણ રીતે પાકની લણણી માટે એક ખેતરથી બીજા ખેતર સુધી જવું પડે છે, અને એના કોઈ સ્થાઈ ઘર નથી હોતા. ઘણા પ્રવાસી મજૂર દુનિયાના વિભિન્ન ભાગોમાંથી આવે છે, જેમકે મેક્સિકો, દક્ષિણ અમેરિકા અથવા કેરિબિયન. એમાંથી ઘણા અમેરિકી નાગરિક પણ હોય છે, જે અમેરિકામાં જન્મ્યા હતા.

થોડા પુરુષ મજૂર એકલા યાત્રા કરે છે અને પાકની લણણી થઈ જાય પછી એના પરિવાર પાસે પાછા ફરે છે. અન્ય મજૂર એના પરિવાર સાથે યાત્રા કરે છે. આવશ્યકતાને લીધે એના બાળકો પણ ખેતરમાં કામ કરે છે.

એકધારું કામ કરવાથી અને અહીં-તહીં ભટકવાથી બાળકો માટે કોઈ એક જગ્યાને જાણવી કે એની સાથે સંબંધ બાંધવો બહુ મુશ્કેલ થઈ જાય છે. અમેલિયાની આ વાર્તામાં એ દેખાડવામાં આવ્યું છે કે કેવી રીતે એક છોકરી એની મનપસંદ જગ્યાને શોધી લેય છે.